# LAT TARI LATAKATI NA RAAKH LYRICS | RAKESH BAROT

એ લટ તારી લટકતી ના રાખ
એ લટ તારી લટકતી ના રાખ
દલ મારું વીધી રે નાખશે

એ લટ તારી લટકતી ના રાખ
દલ મારું વીધી રે નાખશે
એ ગોંડી ઓમ નજરું ના નાખ
ઘાયલ મારુ દલ કરી નાખશે

ઓ ઓખો અણયાળી
ઓખો અણયાળી મેષ ઓજી કાળી આંખમાં
લટકો લાખેણો ને ચટકો તારી ચાલમાં
હળવુ ઓમ હાલવાનું ના રાખ ગોંડી

એ હળવુ ઓમ હાલવાનું ના રાખ
જીવ મારો જોખમમાં નાખશે

એ લટ તારી લટકતી ના રાખ
દલ મારુ, જીવ મારો
દલ મારુ વીધી રે નાખશે

ઓ પોપણે પોણી ઝરે એકધારું તું જો જોવે
પલકારો ના થાય ઓંખ મારી તને જોવે
એ ગોંડી પોપણે પોણી ઝરે એકધારું તું જો જોવે
પલકારો ના થાય ઓંખો મારી તને જોવે

એ હળવેથી તું હસવાનું રાખ જાનુ
એ હળવેથી તું હસવાનું રાખ
દલિનાં ધબકારા ભુલાવી નાખશે

એ લટ તારી લટકતી ના રાખ
ઘાયલ આ દલ મારુ
જીવ મારો જોખમમાં નાખશે

ઓ નખરો નશીલો ઉડી ને વળગે ઓખ મો
ખબર સે મને તું બધું રાખે ધ્યોન મો
ઓ નખરો નશીલો ઉડી ને વળગે ઓખ મો
ખબર સે મને તું બધું રાખે ધ્યોન મો

એ નૈનેથી ઈશારો કરી નાખ
એ નૈનેથી ઈશારો કરી નાખ
રાકેશ તારો હમજી રે જાશે

એ લટ તારી લટકતી ના રાખ

GujaratiLyrics.com

દલ મારુ વીધી રે નાખશે
એ ગોંડી ઓમ નજરું ના નાખ
ઘાયલ મારુ દલ કરી નાખશે

એ લટ તારી લટકતી ના રાખ
ઘાયલ આ દલ મારુ
જીવ મારો જોખમમાં નાખશે.

GujaratiLyrics.com